नमो नमो निम्मलदंसणस्स

पूज्य श्री आनंद-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

તીર્થંકર ~ ૧

# “ઋષભદેવ પરિચય”

(૧૮૫ દ્વારોમાં)


પરિચય દાતા

## મુનિશ્રી દીપરત્નસાગર

[M.Com., M.Ed., Ph.D.]



12/01/2015 ગુરુવાર ૨૦૭૨, કારતક સુદ ૧

તીર્થંકર પરિચય શ્રેણી~૧

# [१] ભગવંત ઋષભદેવ પરિચય

● **ભૂમિકા:-** "તીર્થંકર પરિચય શ્રેણી" અંતર્ગત્ આ પહેલી પુસ્તિકા પ્રગટ કરી રહ્યા છીએ. આ પુસ્તિકામાં આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ સંબંધી ૧૮૫ દ્વારોનો સમાવેશ કરાયેલો છે. આ જ ૧૮૫ દ્વારો અનુસાર અમે બીજા ૨૩ તીર્થંકરો વિશેની માહિતી પણ પ્રગટ કરી છે.

● **સંદર્ભ-સાહિત્ય:-** આ (૧૮૫) દ્વારોની માહિતી પ્રાપ્ત કરવા **सप्ततिमाटे** અમે **1. सोमतिलकसूरी रचित "सप्ततिशतस्थान प्रकरण", 2.आवश्यक निर्युक्ति, 3. आवश्यक वृत्ति, 4. प्रवचन सारोद्धार, 5. तित्थोद्गालिय पईण्णग, 6. त्रिषष्ठीशलाकापुरुष-चरित्र, 7. चउपन्नमहापुरुषचरिय, 8. 'समवाय' चतुर्थ-अङ्गसूत्र ,** **9.** આગમ કથાનુયોગ વગેરે ગ્રંથોનો ઉપયોગ કરેલ છે.

● **ઈતિહાસ:-**લગભગ સન **2001**થી આ પુસ્તિકા તૈયાર કરવાની વિચારણા કરેલ હતી, પણ "આગમ-શાસ્ત્રો"ના કાર્યોમાં એટલો બધો સમય વ્યતીત થતો હતો કે આ કાર્ય હાથ પર જ લેવાતું ન હતું. મારા **555** પુસ્તક-પ્રકાશન પછી કંઇક હળવાશ જણાતા હવે આ કાર્ય થઇ શકેલ છે. **"सप्ततिशतस्थान प्रकरण"** એ પુસ્તિકાનો પાયો છે, છતાં અમે તેના આધારે જ ચાલ્યા નથી અમે આવશ્યક-નિર્યુક્તિ અને પ્રવચન-સારોદ્ધારમાંથી બીજા દ્વારો

●પાઠાંતર-ઉલ્લેખ:- અહીં બધાં દ્વારની માહિતીનો મુખ્ય સ્રોત **सप्ततिशतस्थानप्रकरण** છે, પરંતુ એક સ્પષ્ટીકરણ જરૂરી છે કે અહીં નોંધેલ બધી જ સંખ્યા શાશ્વત જ છે, તેમ કહી ન શકાય.
ગણધર ભગવંતો, શ્રમણ, શ્રમણી આદિની સંખ્યાના બીજા પાઠો પણ મળે છે, જેમકે-

ભગવંત 'અજિત'ના ગણધરો અહીં ૯૫ કહ્યા છે પણ 'સમવાય' સૂત્રમાં ૯૦ બતાવે છે, એ જ રીતે ભ૦ 'સંભવ'ના ગણધરો ૧૦૨ કહ્યા પણ 'તિર્થોદ્ગાલીક 'સૂત્રમાં ૯૫ કહ્યા છે. ભ૦ સુવિધિ ના ગણધરો વિષે ૮૮, ૮૪, ૮૬ ત્રણ પાઠ મળે છે. વળી કુલ ગણધર સંખ્યામાં પણ ભેદ જોવા મળેલ છે- પ્રવચન સારોદ્ધાર- ૧૪૫૨, આવશ્યકનિર્યુક્તીમાં ૧૪૪૮, 'તિર્થોદ્ગાલીક'માં ૧૪૩૪ કુલ ગણધર-સંખ્યા બતાવે છે.

આ જ પ્રમાણે શ્રમણ-શ્રમણી આદિ સંખ્યામાં પણ કોઈ- કોઈ પાઠાંતરો જોવા મળેલ છે. જેમકે:-- ભગવંત 'અજિત'ના મન:પર્યવજ્ઞાની ૧૨૫૦૦ અને ૧૨૫૫૦ બંને મળે છે, ભ.સંભવ ના શ્રાવિકાના ૫૩૬૦૦૦ અને ૬૩૬૦૦૦ બંને પાઠ મળે છે. ભ. સુવિધિના શ્રમણી ૧૨૦૦૦૦ અને ૩૦૦૦૦૦ બંને પાઠ છે.

ભ.મલ્લીનાથના દીક્ષા-દિવસ, કેવળજ્ઞાન-દિવસ, અને કેવળજ્ઞાન-સમય સંબંધી પાઠાંતરો તો આગમમાં જ જોવા મળે છે. ત્યાં વૃત્તિકારશ્રીએ પણ આ ઉલ્લેખ કરેલ જ છે. આવા સર્વ પાઠાંતરો મારા 'આગમ કથાનુયોગ' મેં નોંધેલ છે. ...........**इति अलम्** ......

*મુનિ દીપરત્નસાગર*

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧ | ભગવંતનું નામ | ઋષભદેવ |
| ૨ | ચોવીસીમાં આ ભગવંતનો ક્રમ | પહેલો |
| ૩ | ભગવંતના ભવો કેટલા થયા? | તેર, [૧૩] |
| ૪ | ભગવંતના સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના ભવો ક્યા ક્યા? | ૧.ધનસાર્થવાહ,<br>૨.યુગલિક,<br>૩.સૌધર્મે દેવ,<br>૪.મહાબલ રાજા,<br>૫.ઈશાનકલ્પે દેવ,<br>૬.વજ્રજંઘ રાજા,<br>૭. યુગલિક,<br>૮. સૌધર્મદેવ,<br>૯ કેશવ,<br>૧૦.અચ્યુતે દેવ,<br>૧૧.વજ્રનાભચક્રવર્તી<br>૧૨.સર્વાર્થસિદ્ધે દેવ<br>૧૩. ઋષભદેવ |
| | પૂર્વોત્તર ભવે ભગવંત જ્યાં હતા- | |
| ૫ | ---તે દ્વીપનું નામ | જમ્બૂદ્વીપ |
| ૬ | ---તે દ્વીપના ક્ષેત્રનુ નામ | પૂર્વ મહાવિદેહ |
| ૭ | ---તે ક્ષેત્રની દિશાનું નામ | સિતોદાનદીની ઉત્તરે |
| ૮ | ---તે ક્ષેત્રની વિજયઆદિનું નામ | પુષ્કલાવતી વિજય |
| ૯ | ---ત્યાંની ‘નગરી’નુ નામ | પુંડરીકિણી નગરી |

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧૦ | ભગવંતનું પૂર્વોત્તર-ભવનું નામ | વજ્રનાભ |
| ૧૧ | ભ૦ પૂર્વોત્તર-ભવનું રાજવીપણું | ચક્રવર્તી |
| ૧૨ | ભ૦ પૂર્વોત્તર-ભવના ગુરુનું નામ | વજ્રસેન |
| ૧૩ | ભગવંતના 'તીર્થંકરનામકર્મબંધ' ના કારણો. (૨૦ સ્થાનકો)......<br>આ (૨૦) સ્થાનકોમાંના કોઇપણ એક, એકથી વધુ કે વીશે (૨૦) સ્થાનકોની આરાધનાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. | ૧.અરિહંત–વત્સલતા,<br>૨.સિદ્ધ–વત્સલતા,<br>૩.પ્રવચન–વત્સલતા,<br>૪.ગુરુ–વત્સલતા,<br>૫.સ્થવિર--વત્સલતા,<br>૬.બહુશ્રુત--વત્સલતા,<br>૭.તપસ્વી--વત્સલતા<br>૮.નિરંતર જ્ઞાનોપયોગ,<br>૯.નિરતિચાર દર્શન,<br>૧૦.વિનય,<br>૧૧.આવશ્યક<br>૧૨.નિરતિચાર શીલ,<br>૧૩.નિરતિચાર વ્રત,<br>૧૪.ક્ષણ લવ સમાધિ,<br>૧૫.તપ સમાધિ,<br>૧૬.ત્યાગ સમાધિ,<br>૧૭.વૈયાવચ્ચ સમાધિ<br>૧૮.અપૂર્વજ્ઞાનગ્રહણ<br>૧૯.શ્રુતભક્તિ<br>૨૦.પ્રવચન પ્રભાવના |

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧૪ | ભ૦ પૂર્વોત્તર-ભવનું શ્રુત | દ્વાદશાંગી [પૂર્ણ] |
| ૧૫ | ભ૦ પૂર્વભવે ક્યા સ્વર્ગમાં હતા | સર્વાર્થસિદ્ધ વિમાનમાં |
| ૧૬ | પૂર્વભવે સ્વર્ગમાં ભ૦ નુ આયુષ્ય | ૩૩ સાગરોપમ |
| ૧૭ | ચ્યવન માસ-તિથી (શાસ્ત્રીય)<br>ચ્યવન માસ-તિથી (ગુજરાતી) | અષાઢ, વદ-૪<br>જેઠ, વદ-૪ |
| ૧૮ | ભ૦ નુ ચ્યવન નક્ષત્ર | ઉત્તરાષાઢા |
| ૧૯ | ભ૦ ની ચ્યવન રાશિ | ધન |
| ૨૦ | ભ૦ નો ચ્યવન કાળ | મધ્ય-રાત્રી |
| ૨૧ | ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ જોયેલ ૧૪ સ્વપ્ન<br>[*અહી ૧૪ સ્વપ્નનો ક્રમ સર્વે તીર્થંકરને આશ્રીને નોંધ્યો છે પણ ઋષભદેવની માતાએ ૧લે સ્વપ્ને 'વૃષભ' જોયેલો ] | ૧.હાથી, ૨.વૃષભ,<br>૩.સિંહ, ૪.લક્ષ્મી,<br>૫.પુષ્પમાળા, ૬.ચંદ્ર,<br>૭.સૂર્ય, ૮.ધ્વજ,<br>૯.પૂર્ણ કળશ,<br>૧૦.પદ્મ- સરોવર,<br>૧૧.ક્ષીરસમુદ્ર,<br>૧૨.દેવવિમાન,<br>૧૩.રત્ન-રાશિ.<br>૧૪.નિર્ધૂમ અગ્નિ. |
| ૨૨ | સ્વપ્નફળનું કથન કોણે કર્યું? | પિતા અને ઈંદ્રમહારાજે |
| ૨૩ | માતામુખેથીસ્વપ્નો પાછા ફરવા | આ ઘટના બની નથી |

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૨૪ | *વિશેષ* “ગર્ભસંહરણ” | આ ભગવંતના ગર્ભનું સંહરણ થયું ન હતું. |
| ૨૫ | માતાનો ગર્ભ-આકાર | ગર્ભ પ્રચ્છન્ન હોવાથી માતાના પેટનો આકાર બદલાતો નથી |
| ૨૬ | ભ૦ ચ્યવન થયું તે માતાનુ નામ | મરૂદેવી |
| ૨૭ | આ ભ૦ ગર્ભમાં અભિગ્રહ કરેલો? | કરેલો નથી |
| ૨૮ | ભ૦ ની ગર્ભસ્થિતિ | ૯-માસ, ૪-દિવસ |
| ૨૯ | ભ૦ નુ જન્મ નક્ષત્ર | ઉત્તરાષાઢા |
| ૩૦ | જન્મ માસ-તિથી (શાસ્ત્રીય)<br>જન્મ માસ-તિથી (ગુજરાતી) | ચૈત્ર વદ, ૮<br>ફાગણ વદ, ૮ |
| ૩૧ | ભ૦ ની જન્મ રાશિ | ધન |
| ૩૨ | ભ૦ નો જન્મ કાળ | મધ્ય-રાત્રી |
| ૩૩ | જન્મ વખતે કયો આરો હતો? | ત્રીજા આરાને અંતે |
| ૩૪ | આ ભગવંતના જન્મવખતે કયો કાળ હતો? | ત્રીજાઆરાના ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ, સાડા ૮ માસ બાકી હતા.......... ................................ |
| ૩૫<br>૩૬ | આ ભગવંત ક્યા ‘દેશ’ની કઈ ‘નગરી’માં જન્મ પામ્યા? | કોશલ દેશની ઇક્ષ્વાકુ ભૂમિ(નગરી)માં |

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૩૭<br>૩૮ | ભગવંતના જન્મ સમયે ૫૬ દિક્ કુમારીઓનું આગમન અને કાર્યો<br>[ભગવંતનો જન્મ થાય ત્યારે... કેટલી દીક્કુમારીઓ ક્યાંથી આવે અને શું શું કાર્ય કરે? .............. ................તેનું સંક્ષિપ્ત વર્ણન] | ૧.અધોલોક્થી ૮ દિશા . કુમારી આવે, .........<br>. સુતિકા ઘર બનાવે,<br>. ભૂમિ-શુદ્ધિ કરે<br>૨.ઉર્ધ્વલોકથી ૮ આવે<br>. સુગંધીજળ, સુગંધી-<br>. પુષ્પ વૃષ્ટિ કરે<br>૩.પૂર્વરુચકથી ૮ આવે,<br>. દર્પણ ધરે<br>૪.પશ્ચિમરૂચકથી૮આવે<br>. પંખા કરે<br>૫.ઉત્તરરૂચકથી ૮ આવે<br>. ચામરધરે<br>૬.દક્ષીણરૂચકથી૮આવે<br>, કળશ કરે<br>૭.મધ્યરૂચકથી ૮ આવે<br>. ૪-દીપક ધરે અને .<br>. ૪-સૂતીકર્મ કરે |
| ૩૯ | જન્માભિષેક સ્થળ | પાંડુકવનની દક્ષિણમાં અતિપાંડુકંબલશિલા પર |

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૪૦ | ભગવંતના જન્મ સમયે કેટલા ઇન્દ્રો આવે? ક્યા-ક્યા? | તે સમયે ૬૪ ઇંદ્રો આવે<br>-૧૨ 'કલ્પ'ના ૧૦ ઇન્દ્રો,<br>-૨ (પ્રકારે) જ્યોતિષ્કના<br>. ઇન્દ્રો [સૂર્ય અને ચંદ્ર]<br>-૨૦ ભવનપતિના ઇન્દ્રો<br>-૩૨ વ્યંતરોના ઇન્દ્રો |
| ૪૧ | ભગવંતના જન્મ સમયે આવેલા ઇન્દ્રો શું કાર્યો કરે? સંક્ષિપ્ત વર્ણન | ૧.પ્રભુ જેવું પ્રતિબીંબ રચવું<br>૨.સૌધર્મેન્દ્ર પાંચ રૂપ વિકુર્વે<br>૩.ઇંદ્ર પ્રભુને ખોળામાં સ્થાપે<br>૪.ચોશઠ ઇંદ્ર ૧૦૦૮ કલશો વડે પ્રભુને સ્નાન કરાવે.<br>૫.ગોશીર્ષચંદનથી વિલેપન<br>૬.પુષ્પાદિથી અંગપૂજા<br>૭. પ્રભૂને વસ્ત્ર પહેરાવે<br>૮. પ્રભૂને વસ્ત્ર પહેરાવે<br>૯.પ્રભૂ-અંગુઠે અમૃત સિંચી, પ્રભુને તેની માતા પાસે મૂકે<br>૧૦. ૩૨ કરોડ સોનૈયાની વૃષ્ટિ અને ઉદ્ઘોષણા કરે |
| ૪૨ | ભ૦ ના જન્મદાતા માતાનું નામ | મરૂદેવી |
| ૪૩ | ભગવંતના પિતાનું નામ | નાભિ કુલકર |
| ૪૪ | આ ભગવંતની જાતી કઈ હતી? | પુરુષ |

| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૪૫ | ભગવંતના માતાની ગતિ | મોક્ષ પામ્યા |
| ૪૬ | ભગવંતના પિતાની ગતિ | નાગકુમાર દેવપણે |
| ૪૭ | ભગવંતનું અન્ય નામ [હોય તો?] | આદિનાથ, આદીશ્વર |
| ૪૮ | ભગવંતનું ગોત્ર | કાશ્યપ |
| ૪૯ | ભગવંતનો વંશ | ઇક્ષ્વાકુ |
| ૫૦ | ભગવંતનું લંછન | વૃષભ |
| ૫૧ | ભગવંતના નામનો સામાન્યઅર્થ | વ્રતરૂપ ધુરાને વહન કરવાથી વૃષભ |
| ૫૨ | ભગવંતના નામનો વિશેષ અર્થ | માતાએ પહેલે સ્વપ્ને વૃષભ જોયો તેથી અથવા વૃષભ લંછન હોવાથી |
| ૫૩ | આ ભગવંતને મસ્તકે ફણા છે? છે તો કેટલી હોય છે? | ફણા નથી<br>--------- |
| ૫૪ | ભગવંતના શરીર લક્ષણો | ઉત્તમ ૧૦૦૮ લક્ષણયુક્ત |
| ૫૫ | ભગવંતનું સંઘયણ | અનુત્તરવજ્રઋષભનારાચ |
| ૫૬ | ભગવંતનું સંસ્થાન | અનુત્તર સંચતુરસ્ર |
| ૫૭ | ગૃહસ્થપણામાં કેટલું જ્ઞાન હોય? | મતિ, શ્રુત, અવધિજ્ઞાન |
| ૫૮ | ભગવંતનો ગણ | માનવ |
| ૫૯ | ભગવંતની યોનિ | નકુલ |
| ૬૦ | ભગવંતનો વર્ણ | કંચન (પિત) |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૬૧ | ભગવંતનું રૂપ | સર્વોત્કૃષ્ટ, દેદિપ્યમાન [બધા દેવ એકઠા થાય તો પણ પ્રભુના અંગુઠા પ્રમાણ જેટલું રૂપ ન વિકુર્વી શકે] |
| ૬૨ | ભગવંતનું બળ | અનંત બળ [વાસુદેવ કરતાં ચક્રવર્તીનુ બળ બમણું હોય, તેથી અનંત ગણું બળ તીર્થંકરનું હોય. |
| ૬૩ | ઉત્સેધાંગુલ વડે ભ૦ ની ઉચાઈ | ૫૦૦ ધનુષ |
| ૬૪ | આત્માંગુલ વડે ભ૦ ની ઉચાઈ | ૧૨૦ આંગળ |
| ૬૫ | પ્રમાણાંગુલ વડે ભ૦ ની ઉચાઈ | ૧૨૦ આંગળ |
| ૬૬ | ભગવંત નો આહાર | બાલ્યાવસ્થામાં ઇન્દ્રએ અંગુઠે મુકેલ અમૃત, પછી કલ્પવૃક્ષના ફળાદિ |
| ૬૭ | ભગવંતના વિવાહ | વિવાહ થયેલા હતા |
| ૬૮ | ભગવંતે વિષયસેવન કરેલું? | સ્વપત્ની સાથે કરેલું |
| ૬૯ | ભગવંતની [રાજ]કુમાર અવસ્થા | ૨૦ લાખ પૂર્વ |
| ૭૦ | ભગવંતનો રાજ્ય-કાળ | ૬૩ લાખ પૂર્વ |
| ૭૧ | ચક્રવર્તી હતા કે માંડલિક રાજા | માંડલિક રાજા |
| ૭૨ | ભગવંત કઈરીતે બોધ પામ્યા | તેઓ સ્વયંબુદ્ધ હતા |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૭૩ | દીક્ષા-અવસર જણાવવા આવતા લોકાંતિક દેવો | બ્રહ્મદેવલોકે રહેલા અર્ચિ:, અર્ચિમાલી, વૈરોચન આદિ નવ (પ્રકારે) લોકાંતિક દેવો આવી પ્રભૂને દીક્ષાનો અવસર જણાવે છે. |
| ૭૪ | ભ૦ રોજ કેટલું વર્ષીદાન આપે? | પ્રતિદિન ૧ ક્રોડ, ૮ લાખ |
| ૭૫ | ભ૦ વર્ષે કેટલું વર્ષીદાન આપે? | ૩૮૮ ક્રોડ, ૮૦ લાખ સોનૈયા |
| ૭૬ | ભગવંત ક્યારે વર્ષીદાન આપે? | સૂર્યોદયથી મધ્યાહ્ન |
| ૭૭ | દીક્ષા માસ-તિથી (શાસ્ત્રીય)<br>દીક્ષા માસ-તિથી (ગુજરાતી) | ચૈત્ર વદ, ૮<br>ફાગણ વદ, ૮ |
| ૭૮ | દીક્ષા નક્ષત્ર | ઉત્તરાષાઢા |
| ૭૯ | દીક્ષા રાશિ | ધન |
| ૮૦ | દીક્ષા કાળ | દિવસના પશ્ચાર્ધ ભાગે |
| ૮૧ | દીક્ષા વય | પાછલી વયમાં દીક્ષા, રાજ્ય ભોગવીને દીક્ષા |
| ૮૨ | દીક્ષા વખતે કરેલ તપ | છઠ્ઠનો તપ |
| ૮૩ | દીક્ષા વખતની શીબિકાનુ નામ | સુદર્શના |
| ૮૪ | ભ૦ સાથે કેટલાએ દીક્ષા લીધી? | ૪૦૦૦ પુરુષો |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૮૫ | ભગવંત ક્યા લિંગે નીકળ્યા? | તીર્થંકર લિંગે નીકળ્યા<br>અન્યલિંગ કે કુલિંગે નહીં |
| ૮૬ | કઈ નગરીથી દીક્ષાર્થે નીકળ્યા? | અયોધ્યા |
| ૮૭ | દીક્ષા લીધી તે વન કયું હતું? | સિદ્ધાર્થ વન |
| ૮૮ | દીક્ષા ક્યા વૃક્ષ નીચે લીધી? | અશોક વૃક્ષ |
| ૮૯ | કેટલી મુષ્ટિ(મુઠ્ઠી) લોચ કર્યો? | ચાર મુષ્ટિ (મુઠ્ઠી) |
| ૯૦ | દીક્ષા લેતા જ ઉપજેલ જ્ઞાન | મન:પર્યવજ્ઞાન |
| ૯૧<br>૯૨ | દીક્ષા વખતે દેવદૂષ્ય (વસ્ત્ર)કોણે<br>આપ્યું? કેટલો વખત રહ્યું? | ઇન્દ્રે પ્રભુના ખભે સ્થાપ્યું.<br>એક મતે-સાધિક એક વર્ષ<br>બીજા મતે-આજીવન રહ્યું |
| ૯૩ | ભ૦ પ્રથમ પારણું શેનાથી થયું? | શેરડીના રસથી |
| ૯૪ | પ્રથમ પારણું ક્યારે થયું? | એક વર્ષે (?) |
| ૯૫ | પ્રથમ પારણું ક્યાં થયું? | હસ્તિનાપુર |
| ૯૬ | પ્રથમ ભિક્ષાદાતા કોણ હતા? | શ્રેયાંશ |
| ૯૭ | પ્રથમ ભિક્ષાદાતાની ગતિ | તે ભવે કે ત્રીજા ભવે મોક્ષ<br>(આવશ્યક નિર્યુક્તિ ૩૩૪) |
| ૯૮ | પ્રથમ ભિક્ષા-પ્રાપ્તિકાળે પ્રગટ<br>થતાં પાંચ દિવ્ય | ૧.'અહોદાન' ઉદ્ઘોષણા<br>૨.દિવ્ય વાજિંત્રનાદ<br>૩.સોનિયાની વૃષ્ટિ<br>૪.સુગંધી જળ+પુષ્પ વૃષ્ટિ<br>૫.વસ્ત્ર વૃષ્ટિ. |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૯૯ | વૃષ્ટિ થતાં સોનૈયાનું પ્રમાણ | સાડા બાર કરોડ સોનૈયા |
| ૧૦૦ | ભ૦ના શાસનમાં થતો ઉત્કૃષ્ટતપ | ૧૨ માસ |
| ૧૦૧ | આ ભગવંતની વિહારભૂમિ | આર્ય, અનાર્ય બન્ને |
| ૧૦૨ | ભ૦ કેટલો કાળ છદ્મસ્થ રહ્યા? | ૧૦૦૦ વર્ષ |
| ૧૦૩ | કેવળજ્ઞાન માસ-તિથી (શાસ્ત્રીય)<br>કેવળજ્ઞાન માસ-તિથી(ગુજરાતી) | ફાગણ વદ ૧૧<br>મહા વદ ૧૧ |
| ૧૦૪ | કેવળજ્ઞાન નક્ષત્ર | ઉત્તરાષાઢા |
| ૧૦૫ | કેવળજ્ઞાન રાશિ | ધન |
| ૧૦૬ | કેવળજ્ઞાન કાળ | દિવસના પૂર્વ ભાગે |
| ૧૦૭ | કેવળજ્ઞાન થયું તે સ્થાન ક્યું? | પુરિમતાલ |
| ૧૦૮ | કેવળજ્ઞાન થયું તે વન ક્યું? | શકટમુખ ઉદ્યાન |
| ૧૦૯ | કેવળજ્ઞાન ક્યાવૃક્ષ નીચે થયું? | વટ/ન્યગ્રોધ |
| ૧૧૦ | કેવળજ્ઞાનવૃક્ષની ઊંચાઈ કેટલી? | ભગવંત શરીરથી ૧૨ ગણું.<br>(૫૦૦x૧૨= ૬૦૦૦ ધનુષ) |
| ૧૧૧ | કેવલજ્ઞાન કાળે પ્રભુજીનો તપ | અઠ્ઠમભક્ત |
| ૧૧૨ | ભગવંતના ૩૪ અતિશયો | જન્મથી ૪, દેવો વડે કૃત્ ૧૯, છાદ્મસ્થિક કર્મક્ષય થતાં ૧૧ અતિશયો હોય. |
| ૧૧૩ | ભ૦ વાણીના ૩૫ ગુણો | સંસ્કૃત-વચન આદિ ૩૫ ગુણો હોય છે, તેનું વર્ણન અન્ય ગ્રંથથી જાણી લેવું |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૧૧૪ | ભગવંતની ૧૮ દોષ રહિતતા | દાન-લાભ-વીર્ય-ભોગ અને ઉપભોગ પાંચેનો અંતરાય, જુગુપ્સા, ભય, અજ્ઞાન,નિદ્રા, અવિરતિ, કામભોગેચ્છા, હાસ્ય, શોક, દ્વેષ, મિથ્યાત્વ, રાગ, રતિ,અરતિ એ અઢાર દોષ ભગવંતને ન હોય. |
| ૧૧૫ | ભગવંતના આઠ પ્રાતીહાર્યો | અશોકવૃક્ષ, પંચવર્ણીપુષ્પ-વૃષ્ટિ, દિવ્યધ્વનિ, શ્વેત – ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભીનાદ, છત્રાતિછાત્ર. |
| ૧૧૬ | ચૈત્યવૃક્ષ (પહેલું પ્રાતીહાર્ય) | ૫૦૦ x ૧૨= ૬૦૦૦ ધનુષ |
| ૧૧૭ | તીર્થોત્પત્તિ ક્યારે થઇ? | પહેલા સમવસરણમાં |
| ૧૧૮ | આ ભગવંતનો તીર્થ-પ્રવૃત્તિ કાળ | ભ૦ અજિતનાથ સુધી |
| ૧૧૯ | આ ભ૦ માં તીર્થવિચ્છેદ કાળ | નથી |
| ૧૨૦ | આ ભ૦ ના પહેલા ગણધર | ઋષભસેન (પુંડરિક) |
| ૧૨૧ | આ ભ૦ ના પહેલા સાધ્વી | બ્રાહ્મી |
| ૧૨૨ | આ ભ૦ ના પહેલા શ્રાવક | શ્રેયાંશ |
| ૧૨૩ | આ ભ૦ ના પહેલા શ્રાવિકા | સુભદ્રા |
| ૧૨૪ | આ ભ૦ ના મુખ્ય ભક્તરાજા | ભરત ચક્રવર્તી |
| ૧૨૫ | આ ભ૦ ના યક્ષ | ગોમુખ |
| ૧૨૬ | આ ભ૦ ના યક્ષિણી | ચક્રેશ્વરી |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૧૨૭ | આ ભ૦ ના ગણ | ચોર્યાશી |
| ૧૨૮ | આ ભ૦ ના ગણધરો | ચોર્યાશી |
| ૧૨૯ | આ ભ૦ ના સાધુઓ | ૮૪,૦૦૦ |
| ૧૩૦ | આ ભ૦ ના સાધ્વીઓ | ૩,૦૦,૦૦૦ |
| ૧૩૧ | આ ભ૦ ના શ્રાવકો | ૩,૦૫,૦૦૦ |
| ૧૩૨ | આ ભ૦ ના શ્રાવિકાઓ | ૫,૫૪,૦૦૦ |
| ૧૩૩ | આ ભ૦ ના કેવળીઓ | ૨૦,૦૦૦ |
| ૧૩૪ | આ ભ૦ ના મન:પર્યવજ્ઞાનીઓ | ૧૨,૭૫૦ |
| ૧૩૫ | આ ભ૦ ના અવધિજ્ઞાનીઓ | ૯.૦૦૦ |
| ૧૩૬ | આ ભ૦ ના ચૌદપૂર્વીઓ | ૪,૭૫૦ |
| ૧૩૭ | આ ભ૦ ના વૈક્રિયલબ્ધિધરો | ૨૦,૬૦૦ |
| ૧૩૮ | આ ભ૦ ના વાદિમુનિઓ | ૧૨૬૫૦ |
| ૧૩૯ | આ ભ૦ ના સામાન્યમુનિઓ | ૪.૧૬૬ |
| ૧૪૦ | ભ૦ ના અનુત્તરોપપાતિક મુનિઓ | ૨૨,૯૦૦ |
| ૧૪૧ | પ્રકીર્ણકોની રચના કેટલી થઇ? | ૮૪,૦૦૦ |
| ૧૪૨ | સાધુના વ્રતની સંખ્યા | પાંચ મહાવ્રત |
| ૧૪૩ | શ્રાવકના વ્રતની સંખ્યા | બાર વ્રત |
| ૧૪૪ | ભગવંતમાં કેટલા ચારિત્ર છે? | પાંચ- સામાયિક, છેદોપ-સ્થાપનીય,પરિહારવિશુદ્ધિ સૂક્ષ્મ-સંપરાય,યથાખ્યાત |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૧૪૫ | આ ભગવંતમાં તત્ત્વોની સંખ્યા? | જીવ આદિ નવ અથવા દેવ,ગુરુ,ધર્મ ત્રણ |
| ૧૪૬ | આ ભગવંતમાં સામાયિક કેટલી? | ચાર- સમ્યક્ત્વ, શ્રુત, દેશાવિરતિ, સર્વવિરતિ |
| ૧૪૭ | આ ભ૦માં પ્રતિક્રમણ કેટલા? | પાંચ- રાઈ, દેવસિ, પક્ખી, ચૌમાસી, સંવત્સરી |
| ૧૪૮ | રાત્રિભોજન ક્યા ગુણમાં આવે? | મૂલ-ગુણમાં |
| ૧૪૯ | આ ભ૦ માં સ્થિત-કલ્પ? | આચેલક્ય, ઔદ્દેશિક આદિ દશ પ્રકારે |
| ૧૫૦ | આ ભ૦ માં અસ્થિત-કલ્પ? | હોતો નથી |
| ૧૫૧ | આ ભ૦માં સાધુ આચારનુ પાલન | દુખે કરીને બોધ પામે ------------------------ |
| ૧૫૨ | ષડાવશ્યક (પ્રતિક્રમણ) | સદા ઉભયકાલ કરે |
| ૧૫૩ | આ ભ૦ ના મુનિઓનું સ્વરૂપ | ઋજુ અને જડ |
| ૧૫૪ | ભગવંત પ્રરૂપિત ધર્મ | અણગાર, આગાર બે ભેદે |
| ૧૫૫ | આ ભ૦ ના સાધુના વસ્ત્રનો વર્ણ | શ્વેત વર્ણના વસ્ત્રો |
| ૧૫૬ | આ ભ૦ ના સાધુના વસ્ત્રનુ માપ | નિશ્ચિત માપ મુજબના |
| ૧૫૭ | આ ભગવંતનો ગૃહસ્થ કાળ | ૮૩ લાખ પૂર્વ |
| ૧૫૮ | આ ભગવંતનો કેવળજ્ઞાન કાળ | ૧૦૦૦ વર્ષ ન્યુન ૧ લાખ પૂર્વ |
| ૧૫૯ | આ ભગવંતનો કુલ દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વ |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૧૬૦ | આ ભગવંતનુ કુલ આયુષ્ય | ૮૪ લાખ પૂર્વ |
| ૧૬૧ | આવેલા શીત આદિ પરિષહો | સમ્યક્ રીતે સહન કર્યાં |
| ૧૬૨ | ભગવંતની ગતિ | શાશ્વત અને નિરાબાધ સુખવાળા મોક્ષે (સિદ્ધિ) |
| ૧૬૩ | મૃત્યુ બાદ સંસ્કાર | અગ્નિ સંસ્કાર, (દફન આદિ અન્ય વિધિ નહિ) |
| ૧૬૪ | મોક્ષગમન માસ-તિથી (શાસ્ત્રીય)<br>મોક્ષગમન માસ-તિથી(ગુજરાતી) | મહા વદ ૧૧<br>પોષ વદ ૧૧ |
| ૧૬૫ | મોક્ષગમન નક્ષત્ર | અભિજિત |
| ૧૬૬ | મોક્ષગમન રાશિ | મકર |
| ૧૬૭ | મોક્ષગમન કાળ | દિવસના પૂર્વ ભાગે |
| ૧૬૮ | મોક્ષગમન ક્યા સ્થાનેથી થયું? | અષ્ટાપદ |
| ૧૬૯ | મોક્ષગમન વખતનું આસન | પલ્યંકઆસન (પદ્માસન) |
| ૧૭૦ | આ ભ૦ ની મોક્ષમાં અવગાહના | ૩૩૩·૩૩ ધનુષ્ |
| ૧૭૧ | મોક્ષગમન વખતનો તપ | ૧૪ ભક્ત (૬ ઉપવાસ) |
| ૧૭૨ | ભગવંત સાથે મોક્ષે જનાર કેટલાં | ૧૦,૦૦૦ |
| ૧૭૩ | ભ૦મોક્ષ વખતે કયો આરો હતો? | ત્રીજા આરાને અંતે |
| ૧૭૪ | ભ૦ ના મોક્ષગમનનો કાળ | ત્રીજા આરાના ૩ વર્ષ, સાડા આઠ માસ બાકી હતા ત્યારે મોક્ષે પધાર્યા |
| [તીર્થંકર-૧- ઋષભદેવ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |

| | | |
|---|---|---|
| ૧૭૫ | આ ભ૦ ની યુગાંતકૃત્ ભૂમિ | અસંખ્યાત પુરુષ |
| ૧૭૬ | આ ભ૦ ની પર્યાયાંતકૃત્ ભૂમિ | અંતર્મુહુર્ત |
| ૧૭૭ | ભ૦ માં પૂર્વો કેટલો કાળ રહ્યા? | અસંખ્યાત કાળ સુધી |
| ૧૭૮ | પૂર્વ કેટલા કાળે વિચ્છેદ પામ્યા? | અસંખ્યાત કાળ પછી |
| ૧૭૯ | ક્રમશ: ભગવંતોનુ અંતર | ભ.ઋષભ પછી ૫૦ લાખ કરોડ સાગરોપમ પછી ભ અજિત નિર્વાણપામ્યા |
| ૧૮૦ | કોના તીર્થે કયું આશ્ચર્ય થયું? | ભ૦ ઋષભના તીર્થમાં ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ ની કાયાવાળા જીવો એક સમયે સિદ્ધ થયા |
| ૧૮૧ | તીર્થમાં ક્યા ચક્રવર્તી થયા? | ભરત ચક્રવર્તી |
| ૧૮૨ | તીર્થમાં ક્યા વાસુદેવ થયા? | કોઈ નહીં |
| ૧૮૩ | તીર્થમાં ક્યા બલદેવ થયા? | કોઈ નહીં |
| ૧૮૪ | તીર્થમાં ક્યા પ્રતિવાસુદેવ થયા? | કોઈ નહીં |
| ૧૮૫ | ભગવંતને જન્મ વખતે થતાં ૨૫૦ અભિષેકોની વિગત:- વૈમાનિકેન્દ્રો ૧૦, ભવનપતીન્દ્ર ૨૦, વ્યંતરેન્દ્રો ૩૨, ૬૬ ચંદ્રો, ૬૬ સૂર્યો, ૮ શક્રેંદ્રઅગ્રમહિષી, ૮ ઇશાનેંદ્રઅગ્રમહિષી, ૫ ચમરેંદ્રઅગ્રમહિષી, ૫ બલીંદ્રઅગ્રમહિષી, ૬ ધરણેંદ્રઅગ્રમહિષી, ૬ ભૂતાનેંદ્રઅગ્રમહિષી, ૪ વ્યંતરઅગ્રમહિષી, ૪ જ્યોતિષ્કઅગ્રમહિષી, ૪ લોકપાલ, ૧ અંગરક્ષક, ૧ સામાનિક, ૧ કટકદેવ, ૧ ત્રાયસ્ત્રીંશક, ૧ પર્ષદાદેવ, ૧ પ્રજાસ્થાનીય દેવ મળીને ૨૫૦ અભિષેક X ૬૪૦૦૦ કળશ = ૧ ક્રોડ ૬૦ લાખ થાય. | |

# મુનિશ્રી દીપરત્નસાગર (M.Com., M.Ed., Ph.D.)



31 વર્ષમાં 5 ભાષામાં 1,00,000 કરતાં વધુ પૃષ્ઠોમાં

## 555 પુસ્તકોના પ્રસ્તુતકર્તા


સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ

'પ્રતિમા' બ્લોક નં. 13, ચોથે માળે જગમાલ ચોક, ઉપરકોટ રોડ

Post: - જુનાગઢ, ગુજરાત, India. [Pin- 362001]

MOBILE +91 9825967397 www.Jainelibrary.org

Email – Jainmunideepratnasagar@gmail.com